અનુસૂચિત જનજાતિના સ્નાતકોને વકીલાતનો
ધંધો શરૂ કરવા માટે નાણાકીય સહાય.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ટીએપી-૧૦૮૯-૩૧૩/ઘ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૭-૮-૮૯

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૧૭૯/૪૯૬૧૭/ખ, તારીખ: ૨૮/૭/૮૦.

(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૮/૪૭૧૪/જ, તારીખ: ૨૯/૩/૮૯.

(૩) નિયામક, સમાજ કલ્યાણનો પત્ર ક્રમાંક:સક/યોજના/૮૯/૭૩૬, તારીખ: ૨૫/૫/૮૯.

ઠ રા વ :-

અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને આમુખમાં (૧) આગળ દર્શાવેલ ઠરાવથી રૂા. ૨૦૦૦/- સહાય અને રૂા.૨૫૦૦/- વ્યાજમુક્ત લોન મળી કુલ રૂા. ૪૫૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર પાંચસો ) આપવાની યોજના અમલમાં છે. સમાજ કલ્યાણ વિભાગના આમુખ(૨) આગળ દર્શાવેલ તા. ૨૯/૩/૮૯ ના ઠરાવથી અનુસૂચિત જાતિના લોકોને નાણાકીય સહાય આપવાના ધોરણમાં સુધારો કરવામાં આવેલ છે. અનુસૂચિત જનજાતિ માટે પણ આ ધોરણે સહાય આપવાનું સરકારની વિચારણા હેઠળ હતું.

સંદરહુ બાબતે પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાનમાં લઈને અનુસૂચિત જનજાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર ધંધો શરૂ કરવામાં વધુ સહાયરૂપ થવાય તે હેતુથી આ યોજના હેઠળ કાયદા સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા.૫૦૦૦/- સહાય અને રૂા.૫૦૦૦/- વ્યાજમુક્ત લોન મળી કુલ રૂા.૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પુરા આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

..૨..

૨. આ યોજનાની શરતો અને નિયમો અગાઉના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે યથાવત્ રહેશે. પરંતુ આવક મર્યાદા અંગે વધારો કરીને એવું ઠરાવેલ છે કે, આ યોજનાનો લાભ અરજદાર કે અરજદારના માબાપ સહિત કુટુંબના તમામ સાધનોની આવક કુલ વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તેવી વ્યક્તિઓને આપવામાં આવશે.

૩. ઉપરોક્ત સુધારાને કારણે થનાર વધારાના ખર્ચને પહોંચી વળવા માટેના જરૂરી વિગતવાર હુકમો હવે પછી કરવામાં આવશે. આ હુકમો ન થાય ત્યાં સુધી સુધારેલા દરે ચુકવણી કરી શકાશે નહીં.

આ હુકમ નાણા વિભાગની તા. ૧૯-૭-૮૯ ની નોંધથી મળેલ સંમતિના આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( રમેશ રાઠોડ )
સેક્શન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
૩. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૪. સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૫. સચિવાલયના સર્વે વિભાગો.
૬. સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. નાણાકીય સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. આદિજાતિ વિકાસ વિભાગની સર્વે શાખાઓ.
૧૦. નિયામક, સમાજ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૧. સર્વે પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ, વર્ગ-૧.
૧૨. સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ, (પંચાયત)
૧૩. સર્વે કલેકટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૪. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રીઓ, અમદાવાદ / ગાંધીનગર.
૧૬. સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
૧૭. સીલેકટ ફાઈલ.

પરેશ...